### ડીસાના ગજનીપુરા પ્રાથમિક શાળામાં વિચિત્ર અકસ્માત

# શેડ તૂટતા શ્રમિકના પેટમાં આરપાર એંગલ ઘુસી જતા એકનું મોત

સરહદી બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકાના ગજનીપુરા ગામની પ્રાથમિક શાળામાં વિચિત્ર અકસ્માત સર્જાયો હતો. જેમાં ક્ષતિગ્રસ્ત મકાન તોડવાની કામગીરી દરમ્યાન મધ્યાહન ભોજન યોજનાના ઓરડાનો શેડ તૂટી પડતા બે મજૂર ઘાયલ થયા હતા. જેમાં ૧નું મોત નિપજ્યું હતું. જયારે ૧ને ગંભીર હાલતમાં સારવાર અર્થે પાલનપુરથી અમદાવાદ રીફર કરાયો હતો.

ડીસા તાલુકાના ગજનીપુરા પ્રાથમિક શાળામાં સમારકામ ચાલી રહ્યું હતું. જેમાં દાહોદના ધાનપુર તાલુકાના યુવાનો મજૂરી અર્થે ડીસાના ગજનીપુરા ખાતે આવ્યા હતા. જોકે, સમારકામ દરમિયાન, મધ્યાહન ભોજન યોજનાનો શેડ તૂટી પડ્યો હતો. જે શેડ નીચે રહેલા મજૂરો પર પડતા ૨ શ્રમિકો ઘાયલ થયા હતા. જેમાં આદિવાસી સમુદાય ના અરવિંદ નામના શ્રમિકનું ભીલડી ખાતેની સરકારી હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નિપજ્યું હોવાના અહેવાલ સાંપડ્યા છે.

જયારે શેડ તૂટી પડતા શંકરભાઈ મેવાભાઈ માઈકા નામના ૧૭ વર્ષીય શ્રમિકના પેટમાં લોખંડની એંગલ આરપાર ઘુસી જતા તેને સારવાર અર્થે પાલનપુર સિવિલમાં ખસેડાયો હતો. જ્યાં તેની હાલત નાજુક જણાતા વધુ સારવાર અર્થે અમદાવાદ રીફર કરાયો હતો. આમ, આ વિચિત્ર અકસ્માતમાં કણસતા યુવકને જોઈ સૌ કોઈ દંગ રહી ગયું હતું.

# રાજસ્થાન કરતા ગુજરાતમાં પેટ્રોલ ચાર રૂપિયા સસ્તુ

### પહેલા ગુજરાતના વાહનચાલકો રાજસ્થાન ઈંધણ ભરાવવા જતા હતા, હવે ઉલ્ટી ગંગા : રાજસ્થાનના વાહનચાલકો સરહદી વિસ્તારમાં ઈંધણ ભરાવવા ગુજરાત આવે છે








પહેલાં ગુજરાત માં વાહન ચાલકો રાજસ્થાન માં જઈ પેટ્રોલ-ડિઝલ ભરાવતાં હતા. પણ હવે પરીસ્થીતી તેનાં કરતાં ઉંધી જોવા મળી રહી છે. હવે રાજસ્થાન નાં વાહન ચાલકો ગુજરાત માં ભાવ માં મોટા તફાવત નાં કારણે ગુજરાત માં પેટ્રોલ-ડિઝલ ભરાવવાં આવી રહ્યા છે.

પહેલાં પેટ્રોલ અને ડિઝલ માં રૂપીયા ભર નું ભાવ વધારો આવતાં વાહન ચાલકો માં ભારે રોશ ભભુક્તો હતો. ને ક્યાં સસ્તુ મળશે તેને લઈ એ જગ્યાએ પેટ્રોલ ડિઝલ ભરાવવાં દોડી જતાં હતા. એટલુંજ નહીં ગુજરાત નાં સરહદી વિસ્તાર નાં વાહન ચાલકો રાજસ્થાન માં પેટ્રોલ ડિઝલ ભરાવવાં જતાં હતા. જ્યાં ભાવ માં દોઢ થી બે રૂપીયા નો તફાવત જોવા મળતો હતો. પણ આજે પરીસ્થીતી તેના થી વિપરીત જોવા મળી રહી છે. ને ગુજરાત નાં સરહદી વિસ્તારોમાં પેટ્રોલપંપ ઉપર




વાહન ચાલકો ની કતારો જોવા મળે છે. અને તે પણ ખાસ કરી ને રાજસ્થાન નાં વાહનો મોટી સંખ્યામાં જોવા મળી રહ્યા છે. જ્યાં શરૂઆત માં ગુજરાત કરતાં રાજસ્થાન માં પેટ્રોલ માં રૂપીયા દોઢ થી બે રૂપીયા નો તફાવત જોવા મળતો હતો. ત્યાં હવે રાજસ્થાન કરતાં ગુજરાત માં પેટ્રોલ માં ૪ રૂપીયા જેટલો અને ડિઝલ માં રૂપીયા એક થી દોઢ નો તફાવત જોવા મળી રહ્યો છે.

શરૂઆત માં ગુજરાત માં પેટ્રોલપંપ ધારકો પેટ્રોલ-ડિઝલ નાં વધતાં જતાં ભાવો ને લઈ ભારે દ્વીધા માં જોવા મળતાં હતા. ને ત્યાર બાદ રોજીંદી ભાવ માં થતી વધઘટ નાં કારણે રોશ થોડો થમ્યો હતો. ને તાજેતર માં ગુજરાત માં વિધાનસભા ની આવનારી ચુંટણીઓ નાં પગલેં ટેક્ષ ઓછો કરાતાં હવે રાજસ્થાન કરતાં ગુજરાત માં પેટ્રોલ-ડિઝલ નાં ભાવ સસ્તા થતાં ગુજરાત નાં પંપ સંચાલકો માં પણ ખુશી નો માહોલ જોવા મળી રહ્યો છે. ત્યારે હવે રાજસ્થાન માં પેટ્રોલ પંપો ઉપર મોટા હોડીંગ્સો જોવા મળતાં હતા કે ગુજરાત સે સસ્તા ડિઝલ વ પેટ્રોલ લખેલાં જોવા મળતાં હતા. હવે તેની વિપરીત પ્રમાણ માં ભાવ થતા રાજસ્થાન નાં પંપ સંચાલકો માં રોશ જોવા મળી રહ્યો છે. ને સુમસામ પડી રહેલાં પેટ્રોલ પંપ જોવા મળી રહ્યા છે. ત્યારે સમગ્ર દેશ માં પેટ્રોલ ડિઝલ નો એક જ ભાવ રાખવાં માંગ કરી રહ્યા છે.

ટુંક સમય માં ગુજરાત માં આવનારી વિધાનસભા ની ચુંટણીઓ નાં પગલેં વેપારીઓ ને રાજી રાખવાં જી.એસ.ટી સહીત નો વેટ ઓછો કરાયો છે. જેનાં પગલેં પડોશી રાજ્યો માં અસમનજસતા જોવા મળી રહી છે. અને ચુંટણી બાદ આ ટેક્ષ માં શું પરીવર્તન આવશે તે તો આવનારો સમય જ બતાવશે.

# અરવલ્લી જિલ્લામાં બેફામ રીતે હંકારતા ઓવરલોડ વાહનોનો ભોગ બનતા નિર્દોષ વાહનચાલકો

### દાવલી પાટિયા નજીક ઓવરલોડ ટ્રકે-લકઝરી બસને અડફેટે લેતા ૧૨થી વધુ મુસાફરો ગંભીર ઈજાગ્રસ્ત

અરવલ્લી, તા. ૨૮

અરવલ્લી જિલ્લામાં ખનીજ સહીત અન્ય માલસામાન ઓવરલોડ ભરી બેફામ રીતે વાહનો હંકારી નિર્દોષ વાહનચાલકો અને રાહદારીઓને અડફેટે લેવાની ઘટનાઓમાં નોંધપાત્ર વધારો થતા જિલ્લા પોલીસતંત્ર અને આરટીઓતંત્ર દ્વારા ઓવરલોડેડ ટ્રકો અને ડમ્પર ચાલકો સામે લાલ આંખ કરી દંડનીય કાર્યવાહી કરે તે ખુબ જરૂરી છે. શનિવારે વહેલી સવારે દાવલી પાટિયા પાસે હિંમતનગર તરફથી ઓવરલોડ ખનીજ ભરેલી ટ્રકના ચાલકે ટ્રક એકાએક દાવલી ગામ તરફ હંકારતા રાજસ્થાન તરફથી આવતી લકઝરી બસ સાથે અથડાતા પરોઢિયે મીઠી નીંદર માળતા મુસાફરોના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ભારે ચીસા ચીસ કરી મુકતા આજુબાજુમાંથી લોકો દોડી આવી ઈજાગ્રસ્તોને સારવાર અર્થે ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ અને હાઈવે એમ્બ્યુલન્સ દ્વારા હિંમતનગર






સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા.

અમદાવાદ-શામળાજી નેશનલ હાઈવે નં-૮ પર આવેલા મોડાસા તાલુકાના દાવલી ગામના પાટિયા નજીક શનિવારે વહેલી સવારે ૫ વાગ્યાના સુમારે હિંમતનગર તરફથી ઓવરલોડ ટ્રકના ચાલકે રોંગ સાઈડ વળાંક લેતા રાજસ્થાનના જયપુરથી મુસાફરો ભરી અમદવાદ તરફ જતી લકઝરી બસ સાથે ધડાકાભેર અથડાતા પરોઢિયે મીઠી નીંદર માળતા મુસાફરોના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ચીસાચીસ કરી મુકતા વહેલી સવારે વાતાવરણ ગમગીન બની ગયું હતું. ધડાકાભેર અકસ્માત અને મુસાફરોની ચિચિયારીઓથી આજુબાજુના લોકો અને ગામલોકો દોડી આવી લકઝરી બસમાં અકસ્માતનો ભોગ બનેલા ૧૨ લોકોને ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ અને હાઈવે એમ્બ્યુલન્સ મારફતે સારવાર અર્થે હિંમતનગર સિવિલ હોસ્પિટલ ખસેડાયા હતા. સદનસીબે જાનહાની ટળતા અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. અકસ્માતની ઘટનાની જાણ મોડાસા રૂરલ પોલીસ કરતા તાબડતોડ ઘટનાસ્થળે ઘસી આવી અકસ્માતના પગલે સર્જાયેલ ટ્રાફિકજામ પૂર્વવત કરી ફરાર ટ્રક ચાલક વિરુદ્ધ ગુન્હો નોંધવાની તજવીજ હાથ ધરી હતી.



### મોડાસામાં ગૌ-અષ્ઠમીએ ગાયમાતાની પૂજા કરતા જીવદયા પ્રેમીઓ

ભારત દેશમાં ગાયને માતા તરીકે પૂજવામાં આવે છે. દેશભરમાં અને ઉત્તરભારતમાં ગૌ-અષ્ઠમીએ ગાયમાતાની પૂજા કરી ધામધૂમથી ઉજવણી થઈ રહી છે. ત્યારે અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં જીવદયાપ્રેમી તરીકે જાણીતા નિલેશભાઈ જોશી, વિનોદભાઈ પટેલ અને તેમની ટીમના સદશ્યોએ સર્વોદયનગર વિસ્તારમાં આવેલી ગાય માતાની પૂજા-અર્ચના કરી હતી.

# અરવલ્લી જિલ્લા રેડક્રોસ સોસાયટી દ્વારા રેલ્લાવાડા ગામે રક્તદાન શિબિર યોજાઈ

મોડાસા, તા.૨૮

અરવલ્લી જિલ્લામાં ૨૧૮મી જલારામ જયંતી પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ ઉમંગ ઉલ્લાસભેર ઉજવાઈ હતી. જેમાં અરવલ્લી જિલ્લા રેડક્રોસ સોસાયટી દ્વારા રેલ્લાવાડા ગામે રક્તદાન શિબિરનું આયોજન કરાતા ૫૦ જેટલી બોટલ રક્ત એકત્ર



થયું હતું. આ વિસ્તારમાં પ્રથમવાર યોજાયેલ આ શિબિરમાં સ્થાનિક યુવાનો સહિત રક્તદાતાઓ દ્વારા રક્તદાન કરાયું હતું.

અરવલ્લી જિલ્લા રેડક્રોસ સોસાયટીના ચેરમેન ભરતભાઈ પરમારે જણાવ્યું કે હિંમતનગર રેડક્રોસ સોસાયટીનો સ્ટાફ વાન સાથે ઉપસ્થિત રહીને રકત એકત્ર કરવાની કામગીરી કરી હતી.

રેલ્લાવાડાના રહીશ પ્રદીપભાઈ પરિવાર, ગ્રામજનો અને મુંબઈ સ્થિત ભાવિકો સહિત ધર્મપ્રેમી જનતા દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ જલારામ જયંતી ઉલ્લાસભેર ઉજવાઈ હતી. તે દરમિયાન માનવતાના પુણ્યકાર્ય સમા રકતદાનના પાવન કાર્યક્રમ અને શિબિરનું અરવલ્લી જિલ્લા રેડક્રોસ સોસાયટીના ચેરમેન ભરતભાઈ પરમારના પ્રયાસોથી આયોજન કરાતા આ વિસ્તારમાં પ્રથમવાર યોજાયેલ આ કેમ્પમાં પચાસ બોટલ રક્ત એકત્ર થયું હતું. કિરણભાઈ ડી. પટેલ, પૂંજાભાઈ, ચીમનભાઈ, સચિન સોની, દેવેન્દ્રભાઈ, દિપક પંચાલ, ધવલ પટેલ અને પિન્ટુએ જહેમત ઉઠાવી હતી.

# ધાનેરા પોલીસે દારૂ ભરેલી સ્વીફ્ટ ગાડી ઝડપી : ચાલક ફરાર

### ૬ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી

ધાનેરા પોલીસે ધાનેરા નજીક થી દારૂ ભરેલી સ્વીફ્ટ ગાડી ઝડપી પાડી આરોપી ને પકડવાના ચક્રો ગતિમાન કર્યા છે.

ગુજરાત માં વિધાન સભા ની ચૂંટણી આવી રહી છે ત્યારે ચૂંટણી શાંતિપૂર્ણ માહોલ માં પૂર્ણ થાય તે માટે સમગ્ર ગુજરાત ની પોલીસ ને સૂચના આપવામાં આવી છે ત્યારે ધાનેરા માં નવા આવેલા પીઆઈ શ્રી આર કે પાઠકે ધાનેરા પોલીસ સ્ટેશનનો ચાર્જ સાંભળતા ની સાથે જ બુટલેગરો સામે લાલ આંખ કરી છે અને એક બાદ એક દારૂ ની ગાડી ઝડપી કાયદેસર ની કાર્યવાહી કરી રહ્યા છે ત્યારે આજે પણ તેમને ખાનગી રહે બાતમી મળતા ધાનેરા નજીક નાકાબંધી કરી હતી અને રાજેસ્થાન તરફ થી આવી રહેલી સ્વીફ્ટ ગાડી ને ઝડપી નો પીછો કરતા ગાડી નો ચાલક પોલીસ જોઈ ગાડી મૂકી ફરાર થઈ ગયો હતો અને પોલીસે ગાડી ની



તલસી લેતા ગાડી માંથી દારૂ ની પેટી નંગ ૨૫ મળી આવી હતી જેની કિંમત ૧.૨૦ લાખ અને ગાડી ની કિંમત ૫ લાખ રૂપિયા કુલ ૬. ૨૦ લાખ નો મુદ્દામાલ જપ્ત કરી ફરાર આરોપી ને પકડવાના ચક્રોગતિમાન કર્યા છે.

### મોરપીંછના રંગ ● ૪ પાનાનું ચાલુ...

● ૪ પાનાનું ચાલુ...

મૂકીને જીવન જીવવું વધુ ફાયદાકારક છે. કેમ કે શંકામાં સંપૂર્ણ વિનાશ કરવાની તાકાત છે અને વિશ્વાસમાં દુશ્મનને પણ જીતવાની સકારાત્મક શક્તિ છે. આ માટે નવા વર્ષે પતિ પત્નીએ એકબીજા ઉપર રખાતી ''શંકા''ને સંપૂર્ણ દૂર કરીને વિશ્વાસનું વાતાવરણ રચવામાં આવશે તો એક સાથે ઘણાના જીવન અને પરિવારો બચી જશે.

સિનિયર સિટીજનો / વૃદ્ધો : આજે દરેક પરિવારોમાં ૬૦ વર્ષ ઉપરની વ્યક્તિની સંખ્યા ઘટતી જાય છે અને સમાજમાં વૃદ્ધાશ્રમોની સંખ્યા વધતી જાય છે. આ ઉંમરની બે સૌથી મોટી સમસ્યાઓ છે. એક તો ૬૦ વર્ષના જાત જાતના અનુભવોનું ભાથું તેમને હોય છે. તેથી તેઓ પરિવારના નાના સભ્યોને વગર માગ્યે સલાહ – સૂચનો વારંવાર આપતા હોય છે. જે આજની પેઢી માનતી નથી હોતી. બીજો પ્રશ્ન એ છે કે આ વૃદ્ધો ૨૧મી સદીની નવી શોધો, નવી વિચારધારા, નવી રહેણી કહેણી કે નવા સંબંધો આ બધુ સ્વીકારી નથી શકતા. વારે વારે ઘરની વાતમાં પોતાનો જમાનો વચ્ચે લાવીને ઘરના સભ્યો સાથે સંઘર્ષમાં ઉતરે છે. આવું બધુ ના થાય એટલે આ વૃદ્ધો સૌથી પહેલો એ સંકલ્પ લેવાની જરૂર છે કે ઘરના જે કોઈ સભ્યો સલાહ કે માર્ગદર્શન માગશે તો જ એને આપશે અન્યથા સામે ચાલીને નહીં અને મારી જ વાત સાચી એ આગ્રહ છોડીને બીજાની વાતો પણ સ્વીકારવાનો સંકલ્પ.

પુરુષો : પુરુષ આદિકાળથી એની ભ્રમરવૃતિ માટે બદનામ છે. એને હંમેશાં સ્ત્રીઓનું આકર્ષણ રહ્યું છે. એવું પણ કહેવાય છે કે કુંવારા પુરુષ કરતા પરિણિત પુરુષો વધુ જોખમી હોય છે. વળી એમાંય આપણો દેશ પુરુષ પ્રધાન સમાજ ધરાવે છે. પુરુષને પરિવારનો સર્વોપરી સભ્ય માનવામાં - સ્વીકારવામાં આવ્યો છે. આ પ્રથા કે માન્યતાનો ગેરફાયદો પણ ઘણા પુરુષો ઉઠાવતા હોય છે. વળી મોટાભાગના પુરુષો નથી ઈચ્છતા કે પોતાની પત્ની પુરુષ સમોવડી બને. નોકરી કરે, બિઝનેશ કરે, પતિની આવી વિચારધારાને પણ મોટાભાગની ભારતીય સ્ત્રીઓ અનુસરે છે. પરંતુ આ સ્થિતિનો લાભ પુરુષો વધુ પડતો લઈને ઓફિસમાં કે બિઝનેશમાં કે માર્કેટમાં અન્ય સ્ત્રીઓ સાથે સંબંધ બાંધીને પોતાનો પરિવાર તોડે છે. આવું બધું ના થાય અને ૨૧મી સદીની આરંભે ઈન્ટરનેટે કરેલા આક્રમણથી પરાસ્ત થયા વિના દેશની, સમાજની કે પરિવારની સામાજિક સંસ્કારિતા બચાવવા દરેક પુરુષોએ આ નવા વર્ષે એક સંકલ્પ કરવાની જરૂર છે કે ''પત્નીનો વિશ્વાસ નહીં તોડે, અને ઓફિસેથી ઘેર આવ્યા પછી મોબાઈલનો ઉપયોગ બિલકુલ નહીં કરે અને પૂરતો સમય પરિવારને આપશે. આવો સંકલ્પ કરવાથી પત્નીની કે ઘરના તમામ સભ્યોની મોટાભાગની સમસ્યાઓ દૂર થઈ જશે.

બાળકો : આ નવા વર્ષે બાળકોએ પણ એક બે સંકલ્પો લેવાની જરૂર છે. કેમ કે જેનાથી બાળકનો સર્વાંગી વિકાસ થતો હતો તે બધી જ રમતો આ ૨૧મી સદીએ છીનવી લીધી છે. તેથી આજના માતા પિતા બાળકોને મોટેભાગે ટી.વી. અથવા મોબાઈલ હાથમાં આપી દે છે. બાળકમાં પડતી આ ટેવ ખુબ જ ખતરનાક સાબિત થાય છે. તેથી બાળકે મોબાઈલનો બિલકુલ ઉપયોગ બંધ કરી દેવો જોઈએ અને ટી.વી પણ સાવ ઓછું. બાળકમાં આ સંકલ્પ ટકી રહે એ માટે માબાપે એને બીજી બહારની રમતો કે અભ્યાસ કે કોઈ ક્રિએટિવ કામમાં વાળવું જોઈએ.

મિત્રો, નવું વર્ષ શરું થઈ ગયું છે. આ વર્ષે એવા પણ સંકલ્પ કરી શકાય કે પાન માવા, ચા, સિગારેટ કે નશીલી ટેવો બંધ કરીને એની જે બચત થાય એમાંથી કોઈને શિક્ષણ કે આરોગ્ય માટે મદદ કરી શકાય. હંમેશાં સકારાત્મક જ વિચારવું કે ગુસ્સે ના થવું કે શાંત રહેવું કે ખોટી કોઈની ટીકા ટિપ્પણ ના કરવી. આવા સંકલ્પો દ્વારા પણ આપણે શાંતિપૂર્ણ જીવન જીવી શકીએ છીએ. તો આવો... નવા વર્ષે આપણે સૌ સાથે મળીને એવો સંકલ્પ કરીએ કે આજથી હરકોઈ વ્યક્તિને માન સન્માન આપીશું.

### રઝળપાટ ● ૪ પાનાનું ચાલુ...

છે અને ગુજરાતનો ચૂંટણી જંગ રોચક અને દિવસે દિવસે નવા રંગ બતાવનારો થવાનો છે એ નક્કી છે એવામાં અત્યારથી વધુ વિશ્લેષણ કરવું વ્યર્થ છે અને આગળ ઉપર પુનરાવર્તન કે પરિવર્તન પર ચર્ચા કરતા રહેશું પણ ગુજરાત ભાજપ અને ગુજરાત કોંગ્રેસ બંને માટે અને ઈવન મોદી અને રાહુલ માટે પણ આ નવું વર્ષ કેટલું નુતન નીવડે છે એ તો મતદારોની શરતો લાગુ પર નિર્ભર છે એ નક્કી છે...!

●●●

દર દિવાળી કે ન્યુ યર કે ઈદ જેવા તહેવારો બોલીવુડ માટે મહત્વના હોય છે કેમકે આ ગાળામાં ફિલ્મ રીલીઝ કરવાથી સારું ઓપનીંગ અને કમાણી મળે છે એવામાં આ દિવાળીએ રીલીઝ થયેલી રોહિત શેટ્ટીની ગોલમાલ સિરીઝની ' ગોલમાલ અગેન ' એ આ દિવાળીમાં ૧૦૦ કરોડની બાઉન્ડ્રી લાઈન કુદાવીને ટ્રેડ પંડિતોને અચંબામાં મૂકી દીધા. જો કે રોહિતની બધી જ ગોલમાલ સારી ચાલેલી પણ જે રીતે 'ગોલમાલ અગેન' ફક્ત ૩ જ દિવસમાં ૧૦૦ કરોડને પાર થઈ ગઈ એ ખરેખર બોલીવુડ માટે સારા સમાચાર છે. હોરર કોમેડી જેવી ભુલાયેલી જોનરવાળી વાર્તા ધરાવતી 'ગોલમાલ અગેન ' ખરેખર પૈસા વસુલ સાબિત થઈ છે. સટીક વનલાઈનર અને અજય દેવગણ, અરશદ, શ્રેયસ,જોની લીવર,કૃણાલ ખેમુ, પરીનીતી, તબુ વગેરે વગેરે જેવા મલ્ટીસ્ટાર કાસ્ટની સોલીડ કોમિક ટાઈમિંગને લીધે મનોરંજક બનેલી આ ફિલ્મે શાહરૂખ અને સલમાન જેવા સુપરસ્ટારોની હમણાં ફ્લોપ ગયેલી ફિલ્મોનો ગમ ભુલાવી દીધો છે. ગોલમાલ અગેનની સાથે રીલીઝ થયેલી આમીરના સ્પેશિયલ એપીયરન્સ વાળી 'સિક્રેટ સુપરસ્ટાર'એ પણ તગડો નફો કમાઈ લીધો છે. ફક્ત ૫૦ કરોડના ટોટલ બજેટવાળી 'સિક્રેટ સુપરસ્ટાર' માઉથ ટુ માઉથ પબ્લીસીટીના પ્રતાપે ઓલમોસ્ટ ૮૦ કરોડ જેવો વકરો કરી ચુકી છે. ગોલમાલ અને સિક્રેટ સુપરસ્ટાર બન્ને અલગ અલગ કથાવસ્તુ અને જોનરની ફિલ્મ હોવા છતાં બોક્સઓફીસ પર જે રીતે સફળ થઈ છે એનાથી ચોક્કસપણે બોલીવુડનો ઉત્સાહ વધ્યો જ હશે અને હવે બોલીવુડની નજર ડીસેમ્બરમાં આવનારી સંજય લીલા ભણશાલીની મહત્વાકાંક્ષી અને વિવાદિત 'પદ્માવતી' તેમજ ટ્યુબલાઈટ ની નિષ્ફળતા ભૂલાવવા અને પોતાનું સ્ટારડમ સલામત રહે એની જેના પર સલમાનને આશા છે એવી 'ટાઈગર જિંદા હૈ'ના આવા જ સુપર કલેક્શન પર રહેશે.

વિસામો :

'રોંગ સાઈડ રાજુ'ની સફળતા અને 'કરશનદાસ 'જેવી સારી ફિલ્મો પછીથી ગુજરાતી ફિલ્મોમાં પડેલા ક્વોલીટી ફિલ્મોના દુકાળને દુર કરવા પ્રતિક ગાંધી, મલ્હાર ઠાકર અને આરોહી જેવા સ્ટાર કલાકારો અને સંદીપ પટેલ જેવા અનુભવી દિગ્દર્શકની આવી રહેલી ફિલ્મ 'લવ ની ભવાઈ' પર ગુજરાતી ફિલ્મ દર્શકો અને ઈન્ડસ્ટ્રીની નજર રહેશે...!

# પ્રાંતિજ કામધેનુ ગૌશાળામાં ગોપાષ્ટમી કાર્યક્રમની ઉજવણી

પ્રાંતિજ, તા. ૨૮

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે આવેલ કામધેનુ ગૌશાળામાં ગોપાષ્ટમી ઉજવણી કરવામાં આવી હતી. જેમાં કરવામાં આવ્યું હતું અને ગોળ તથા લાડવા ખવડાવી ધન્યતા અનુભવી હતી. આ પ્રસંગે વારાહી શકિતપીઠ પોગલુ મહંત સુનિલદાસજી મહારાજ, ધર્માચાર્ય



વિશ્વહિન્દુ પરિષદ દ્વારા ગાય માતાની પૂંજા કરી ગોળ અને લાડુ ખવડાવવામાં આવ્યાં હતા.

પ્રાંતિજના લીમલારોડ ઉપર આવેલ કામધેનુ ગૌશાળા ખાતે આજે વિશ્વ હિન્દુ પરિષદ પ્રાંતિજ પ્રખંડ દ્વારા ગોપાષ્ટમીની ઉજવણીને લઈને ગૌશાળામાં આવેલ ગાયમાતાનું પૂંજન પ્રમુખ ભીમગીરી ગોસ્વામી, ભાજપ શહેર પ્રમુખ વિજયભાઈ પટેલ, વદરાડ સરપંચ સરદારસિંહ મકવાણા, મેહુલભાઈ પટેલ, નટુભાઈ બારોટ, અલ્પેશભાઈ રાવલ સહિત વિશ્વહિન્દુ પરિષદ અને બંજરગ દળના કાર્યકરો આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતા.